CIMS NEWS

# CARE & CURE

Volume-11 | Issue-124 | November 25, 2020

અંદર ના પાનામાં :



કોરોનરી એન્જીયોપ્લાસ્ટી



સડન કાર્ડિયાક અરેસ્ટ વિષે એક ઝાંખી



કોરોના સબંધિત ન્યુરોલોજીકલ સમસ્યાઓ



સાચો પ્રશ્ન કેવી રીતે પૂછવો ?



www.cims.org


CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS NEWS CARE & CURE

Volume-11 | Issue-124 | November 25, 2020

# કોરોનરી એન્જીયોપ્લાસ્ટી



**કોરોનરી એન્જીયોપ્લાસ્ટી, જેને પર્ક્યુટેનિયસ કોરોનરી ઇન્ટરવેંશન (પીસીઆઈ) પણ કહેવામાં આવે છે, તે એક એવી પ્રક્રિયા છે જે કોરોનરી આર્ટરીઝ માં રહેલ અવરોધોની સારવાર કરે છે અને હૃદયને મળતા લોહીના પ્રવાહમાં સુધારો કરે છે.**

### શું એન્જીયોપ્લાસ્ટી એ કોઈ મોટી સર્જરી છે ?

એન્જીયોપ્લાસ્ટી હૃદયની અવરોધિત ધમનીઓને ખોલે છે અને તમારા હૃદયના સ્નાયુઓમાં સામાન્ય રક્ત પ્રવાહના પુરવઠાને પુનઃ સ્થાપિત કરે છે. તે કોઈ મોટી સર્જરી નથી. આ પ્રક્રિયા કરવા માટે પગ અથવા હાથની મુખ્ય ધમનીમાં એક નાનું પંચર કરીને તે માંથી એક કેથેટર ને અંદર દાખલ કરવામાં આવે છે અને હૃદય સુધી પહોંચાડવામાં આવે છે. તે કેથેટરની ટોચ પર રહેલા એક નાના બલૂનને ફુલાવીને અવરોધિત ધમનીને ખોલવામાં આવે છે.

### એન્જીયોપ્લાસ્ટી કેટલી ગંભીર પ્રક્રિયા છે ?

તમામ પ્રકારની ની જેમ, કોરોનરી એન્જીયા-પ્લાસ્ટીમાં પણ જટિલતાઓ થવાનું જોખમ રહેલું છે. જો કે, ગંભીર સમસ્યાઓ થવાનું જોખમ ઓછું છે. એન્જીયોપ્લાસ્ટીની પ્રક્રિયા દરમ્યાન અથવા તેના પછી જટિલતાઓ થઈ શકે છે. જે જગયા એ થી કેથેટરને શરીરમાં અંદર દાખલ કરવામાં આવ્યું હતું તે જગ્યાએ ત્વચાની હેઠળ રક્તસ્ત્રાવ અથવા ઉઝરડો થવો એ સામાન્ય છે.

### એન્જીયોપ્લાસ્ટી માંથી સ્વસ્થ થવા માટે કેટલો સમય લાગે છે ?

એન્જીયોપ્લાસ્ટી અને સ્ટેન્ટિંગ માંથી પુનઃ પ્રાપ્તિ થવામાં સામાન્ય રીતે ટૂંકો સમય લાગે છે. કેથેટર ને કાઢી લીધા પછી સામાન્ય રીતે ૧૨ થી ૨૪ કલાક પછી દર્દીને હોસ્પિટલ માંથી રજા આપવામાં આવે છે. ઘણા દર્દીઓ આ પ્રક્રિયા પછી થોડા દિવસોથી લઈને એક અઠવાડિયાની અંદર કામ પર પાછા જવા માટે સક્ષમ હોય છે.

### શું એન્જીયોપ્લાસ્ટીની પ્રક્રિયા દરમ્યાન તમે જાગૃત હો છો ?

એન્જીયોપ્લાસ્ટી તમારા ગ્રોઇન (સાથળનું મૂળ), હાથ અથવા કાંડાના વિસ્તાર માંથી ધમની દ્વારા કરવામાં આવે છે. જનરલ એનેસ્થેસિયાની જરૂર નથી હોતી. તમને આરામ મળે તે માટે તમને એક બેહોશીની દવા આપવામાં આવશે, પરંતુ તમને કઈ માત્રામાં (બેભાન) કરવામાં આવેલ છે તેના આધારે પ્રક્રિયા દરમ્યાન તમે જાગૃત થઈ શકો છો.

### શું સ્ટેન્ટ્સ ફરીથી અવરોધિત કરી શકે છે ?

તેથી આ સમજાઈ શકે તેમ છે કે રિસ્ટેનોસિસ એ શબ્દ છે જેનો, જ્યારે એન્જીયોપ્લાસ્ટી અને સ્ટેન્ટિંગ જેવી પ્રક્રિયાઓ દ્વારા એક ધમનીને ખુલ્લી કરવામાં આવી હતી, તે ધમની ફરીથી અવરોધિત થઈ જાય છે, ત્યારે ઉપયોગ કરવામાં આવે છે. મૂળભૂત રીતે, તેનો અર્થ એ થાય છે કે ધમની ફરીથી અવરોધિત થઈ ગઈ છે. નવીનતમ પદ્ધતિ વાળા ડ્રગ એલ્યુટીંગ સ્ટેન્ટ સાથે રિસ્ટેનોસિસ થવાની શક્યતા ૫ થી ૧૦ % છે.

### એન્જીયોપ્લાસ્ટીની પ્રક્રિયામાં કેટલો સમય થવો જોઈએ ?

એક એન્જીયોપ્લાસ્ટીને કરવામાં સામાન્ય રીતે ૩૦ મિનિટ થી બે કલાકની વચ્ચેનો સમય લાગે છે, જો કે કેટલાક સંજોગોમાં તેને વધુ સમય લાગી શકે છે. પ્રક્રિયાની શરૂઆતમાં તમને સાથળનું મૂળ અથવા કાંડાના વિસ્તારને, કે જ્યાં પછી કેથેટર ને અંદર દાખલ કરીને ધમનીમાં પસાર કરવામાં આવે છે, તેને સુન્ન કરવા માટે લોકલ એનેસ્થિસિયા આપવામાં આવશે.

### શું એન્જીયોપ્લાસ્ટી પછી મને વધુ તાકાત મળશે ?

એન્જીયોપ્લાસ્ટી તમારી સંકુચિત થઈ ગયેલ અથવા અવરોધિત ધમનીઓને વિસ્તૃત કરે છે અથવા પહોળી કરીને ખોલે છે જેથી તમારું લોહી ધમનીઓ વડે તમારા શરીરમાં સામાન્ય રીતે વહી શકે. હાર્ટ ડિસીઝ ના તમારા લક્ષણો, જેમાં શ્વાસ લેવામાં તકલીફ પડવી અને છાતીમાં દુખાવો થવો શામેલ છે, તેઓમાં સુધાર આવશે અને તેનાથી તમને વધુ તાકાત મળવી જોઈએ.

### એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટી વચ્ચે શું તફાવત છે ?

એન્જીયોગ્રાફી / એન્જીયોગ્રામ એ એક એવી પ્રક્રિયા છે જે ડોકટરોને એક્સ-રેનો ઉપયોગ કરીને હૃદયને લોહી પહોંચાડતી રક્ત વાહિનીઓને વિગતવાર રીતે જોવામાં મદદ કરે છે. જો ડોકટરો એન્જીયોગ્રાફીની પ્રક્રિયા દરમ્યાન કોઈ રક્ત વાહિનીના સંકુચિત ભાગને જોવે છે, તો તેઓ એન્જીયોપ્લાસ્ટી તરીકે ઓળખાતી પ્રક્રિયાનો ઉપયોગ કરીને તેજ સમયે તેને વિસ્તૃત કરી શકે છે અથવા પહોળી કરી શકે છે જેનાથી તે ખૂલી જાય છે.

**સૌજન્ય**

**ડૉ. હેમાંગ બક્ષી**

MD, DM (Cardiology), FACC, FESC

**કાર્ડિયોલોજીસ્ટ**

મો. +91-98250 30111

ઈમેલ: hemang.baxi@cims.org

CIMS NEWS CARE & CURE
Volume-11 | Issue-124 | November 25, 2020

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# સીમ્સ ઈસ્ટ હોસ્પિટલ (નોન-કોવિડ), અમદાવાદ




જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ (JCI) - USA
ગુણવત્તાયુક્ત ગોલ્ડ સીલ

## સંપુર્ણ આરોગ્ય સારવાર આપના ઘરે 24x7

- નર્સીંગની સુવિધા - 24 x 7
- વિશેષ નર્સીંગની સુવિધા
- સારસંભાળ રાખનારની સુવિધાઓ
- ફીઝીયોથેરાપીની સુવિધાઓ
- મેડીકલ સાધનો ભાડેથી
- મેડીકલ સાધનો વેચાણથી
- હોમ સ્લીપ સ્ટડી
- ઘરે મેળવો દવાઓની નિઃશુલ્ક ડિલિવરી
- ઘરે બેઠા રસીકરણ (ADULT / PAEDIATRIC)



Care At Homes®
home health @ your doorstep
A UNIT OF CIMS HOSPITAL PVT LTD

એક ફોન કરો અને આ બધી સુવિધાઓ આપના ઘરે મેળવો
+91-90990 67988 | www.careathomes.com

Volume-11 | Issue-124 | November 25, 2020

# સિમ્સ હોસ્પિટલ ખાતે દાખલ થયેલ ૯૦ વર્ષના કોવિડ પોઝિટિવ દર્દીના સાજા થવા વિશેની વાત.



સાલ ૨૦૨૦ એ સાલ ૧૯૧૯ ની જેમ વિશેષ છે, કારણ કે આવું સો વર્ષમાં ફક્ત એક જ વાર થાય છે. પૂરી દુનિયામાં સાલ ૨૦૨૦ ને કોવિડના રોગચાળાના વર્ષ તરીકે યાદ કરવામાં આવશે. આ ક્ષણે પણ, ૬૫ વર્ષથી ઉપરની વય વાળા પુરુષો અને સ્ત્રીઓને ઘરે રહેવા વિનંતી કરવામાં આવે છે; સાવચેત રહો, કારણ કે વૃદ્ધ વર્ગના દર્દીઓ માં આ ગંભીર એક્યૂટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ કો.વી. - ૨ નો ચેપ લાગવાના પરિણામો નબળા છે. વૃદ્ધ દર્દીઓનું મૂલ્યાંકન કરવું અને સારવાર આપવી પડકારજનક હોય છે કારણ કે તેઓ ખાસ કરીને સાર્સ/એસએઆરએસ કો.વી. -૨ ના ચેપના પ્રતિકૂળ ક્લિનિકલ પરિણામો પ્રત્યે સંવેદનશીલ હોય છે. વય સાથે તે વ્યક્તિમાં પહેલેથી અસ્તિત્વ ધરાવતી વધારાની તબીબી સ્થિતિઓ તેઓની સારવારના વિકલ્પોને જટિલ બનાવે છે. પુરૂષ જાતિ અને કાર્ડિયોવાસ્ક્યુલર ડિસીઝ, ડાયાબિટીસ, હાયપરટેન્શન, ક્રોનિક કિડની ડિસીઝ, સ્થૂળતા ,અને ફેફસા સંબંધિત રોગ જેવી કો-મોર્બિડીટીઝ નબળા પરિણામો આવવા સાથે સંકળાયેલા છે. વૃદ્ધ વ્યક્તિઓમાં, રોગપ્રતિકારક શક્તિની ઊણપ અને મોર્બિડ ડિસઓડર્સ વાયરલ-પ્રેરિત સાયટોકીન તોફાનને પ્રોત્સાહન આપવાની સંભાવના ધરાવે છે, જે જીવલેણ શ્વસન પ્રક્રિયાની નિષ્ફળતા અને એકથી વધુ શરીરની પ્રણાલીઓના સમાવેશમાં પરિણમે છે. વૃદ્ધ વ્યક્તિઓ માટે તેઓના વ્યક્તિગત તબીબી ઇતિહાસ અને એકજ તબીબી સ્થિતિ માટે ઘણી બધી દવાઓ સાથે સારવાર કરવી ના આધારે પ્રારંભિક નિદાન અને વ્યક્તિગત ઉપચારાત્મક સંચાલન એ સારવાર માટેના વિકલ્પો છે. જો વૃદ્ધ લોકોની વહેલી સારવાર કરવામાં આવે તો મુશ્કેલીઓ વિના તેઓના સ્વાસ્થ્યની પુનઃ પ્રાપ્તિ ઝડપી થાય છે. વયના પરિબળ અને એક વ્યક્તિમાં એક સાથે એકથી વધુ દીર્ઘકાલીન અને તીવ્ર બીમારીઓની હાજરી હોવી ને ધ્યાનમાં લેતા, શક્ય હોય તેટલી વહેલી તકે તબીબી સહાયની મેળવવાથી તેઓને સ્વસ્થ થવામાં સહાય મળે છે.

અહીં અમે એક ૯૦ વર્ષીય સર્જન, કે જેઓ કો-મોર્બિડીટીઝ સાથે અને કોવિડના ચેપ સાથે સિમ્સ કોવિડ કેર સેન્ટરમાં દાખલ થયા હતા, તેઓના સ્વાસ્થ્યની સફળ પુનઃ પ્રાપ્તિ વિશેની વાત પ્રસ્તુત કરીએ. આ વૃદ્ધ સર્જન હાઈ બ્લડ પ્રેશર અને મગજ અને કરોડરજ્જુ સિવાયની શરીરની નસોને થયેલ નુકસાનના કારણે થયેલ વિકૃતિ નો જાણીતો કેસ છે. છેલ્લા ૪-૫ દિવસથી તેઓને કફ, નબળાઇ, ઓછા તાપમાન વાળા તાવ અને માથાનો દુખાવો થવાની ફરિયાદ હતી. તેઓના કોવિડ પરીક્ષણ નું પરિણામ સકારાત્મક હતું. આ સર્જનને સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ, ગુજરાત, ભારત ખાતે સિમ્સ કોવિડ કેર ગ્રુપ હેઠળ એક અલગ સુસ્થાપિત ૧૦૦ પથારીવાળા કોવિડ માટેના ખાસ એકમ (વેસ્ટ વિંગ) માં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ નિષ્ણાતો અને અનુભવી ડોક્ટરોની ટીમની સક્ષમ સંભાળ હેઠળ હતા જેમાં ફિઝિશિયન્સ, ઇન્ટેન્સિવિસ્ટ્સ, પલ્મોનોલોજિસ્ટ્સ, ચેપી રોગના નિષ્ણાતો, રેડિયોલોજિસ્ટ્સ, પેથોલોજિસ્ટ્સ, માઇક્રોબાયોલોજિસ્ટ, ફિઝીયોથેરાપિસ્ટ, ડાયેટિશિયન મનોવિજ્ઞાનિકો શામેલ હતા.

### કોવિડનું સંચાલન

ઇન-હાઉસ મલ્ટિ-સ્લાઇસ હાઇ રિઝોલ્યુશન કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી (એચઆરસીટી) સ્કેનના તારણો લાક્ષણિક કોવિડ - ૧૯ ન્યુમોનિયા સૂચવી રહ્યા હતા. કાવિડ - ૧૯ માટેના ઇન્ફ્લેમેટોરી માર્કર્સ સહિતના લોહીના પરીક્ષણો પણ કરવામાં આવ્યા હતા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ ની માર્ગદર્શિકાને અનુરૂપ હોસ્પિટલના પ્રોટોકોલ મુજબ દર્દીને અલગ રાખવામાં આવ્યા હતા અને કાવિડ - ૧૯ ન્યુમોનિયા માટેની સારવાર શરૂ કરવામાં આવી હતી. દર્દીની સારવાર રેમડેસિવીર - એક એન્ટિ-વાયરલ દવાના ઇન્જેક્શન, ક્લેક્સ-એનના ઇન્જેક્શન, ટેબલેટ ઝિંકોવિટ, ટેબલેટ વિટામીન-સી અને ન્યુમોનિયાના ઉપચાર માટેના અન્ય સહાયક દવાઓ સાથે કરવામાં આવી હતી. તેઓ હોસ્પિટલમાં દાખલ હતા તે દરમ્યાન લોહીમાં ઓક્સીજનની માત્રા ના સ્તરને ૯૬% - ૯૯% ની વચ્ચે જાળવવામાં આવ્યું હતું. તે સમય દરમ્યાન કોઈ પણ પ્રકારના કોઈ બનાવો વગરના ૫ દિવસ માટે હોસ્પિટલમાં દાખલ રહ્યા પછી દર્દીને જે દબાણ સાથે હૃદય લોહી પંપ કરે છે તે સ્થિર હોય તેવી સ્થિતિ સાથે રજા આપવામાં આવી હતી.

### નિષ્કર્ષ

સિમ્સ કોવિડ કેર સેન્ટરમાં દાખલ થયેલ હાયપરટેન્શન અને મગજ અને કરોડરજ્જુ સિવાયની શરીરની નસોને થયેલ નુકસાનના કારણે થયેલ વિકૃતિની એક વ્યક્તિમાં એક સાથે એકથી વધુ દીર્ઘકાલીન અને તીવ્ર બીમારીઓની હાજરી હોવી ધરાવતા ૯૦ વર્ષીય સર્જનનો અનુભવ સૂચવે છે કે, કોવિડ - ૧૯ થી સંક્રમિત વૃદ્ધ દર્દીઓની સારવાર કરતી વખતે નિયમિત એન્ટિવાયરલ થેરાપી ઉપરાંત સમયસર તપાસ થવી અને સારવાર શરૂ થવી એ બંને નિર્ણાયક બાબતો છે. લાભકારક અને સમયસર ઉપચારાત્મક નિર્ણયોને લક્ષ્યમાં રાખીને વૃદ્ધ વયસ્કોની સારવાર કરતાં સમયે તેઓ પ્રત્યે વ્યક્તિગત અભિગમ રાખવો જોઈએ. કાવિડ - ૧૯ માટેની વિશિષ્ટ સારવારમાં વધુ પ્રગતિ ન થાય ત્યાં સુધી, એવી ભલામણ કરવામાં આવે છે કે વૃદ્ધ લોકો એ કાવિડ - ૧૯ ના રોગચાળા દરમ્યાન સાવચેત રહેવું જોઈએ.

સિમ્સ કોવિડ કેર સેન્ટરમાં વ્યાપક અને સમયસર તબીબી સંભાળ સાથે, અમે શ્વસન પ્રક્રિયામાં સહાય માટે આઇસીયુમાં દાખલ કરવા પડે તેની સંભાવનાઓને ઘટાડી છે, જેના પરિણામે કોવિડ - ૧૯ ના વૃદ્ધ દર્દીઓમાં અનુકૂળ પરિણામ આવે છે.

CIMS NEWS CARE & CURE

Volume-11 | Issue-124 | November 25, 2020

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# સડન કાર્ડિયાક અરેસ્ટ વિષે એક ઝાંખી



**સડન કાર્ડિયાક અરેસ્ટ એ એક એવી સ્થિતિ છે જેમાં હૃદયનું કાર્ય, શરીરની શ્વસન ક્રિયા અચાનક બંધ થઈ જાય છે અને તે વ્યક્તિ પોતાની સભાનતા ગુમાવી દે છે.**

આ સ્થિતિ સામાન્ય રીતે તમારા હૃદયમાં ઉદ્ભવતા વિદ્યુતીય વિક્ષેપ, કે જે હૃદયની પમ્પિંગ ક્રિયાને વિક્ષેપિત કરે છે, જેના કારણે તમારા શરીરમાં લોહીનો પ્રવાહ બંધ થઈ જાય છે, તેને કારણે પરિણમે છે.

હાર્ટ એટેકના કારણે કેટલીકવાર વિદ્યુતીય વિક્ષેપ ઊભો થઈ શકે છે જેના કારણે સડન કાર્ડિયાક અરેસ્ટ થઈ શકે છે.જો તેની તાત્કાલિક સારવાર ન કરવામાં આવે તો, સડન કાર્ડિયાક અરેસ્ટના કારણે મૃત્યુ થઈ શકે છે. ઝડપી, યોગ્ય તબીબી સંભાળ સાથે, સડન કાર્ડિયાક અરેસ્ટ થયા પછી પણ વ્યક્તિનું જીવંત રહેવું શક્ય છે. ડિફિબ્રિલેટરનો ઉપયોગ કરીને - અથવા છાતીમાં હૃદયની ઉપરના ભાગ પર ફક્ત કોમ્પ્રેશન્સ આપીને - કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન (સીપીઆર) આપવાથી કટોકટીમાં સારવાર આપનાર સ્વાસ્થ્ય કામદારો આવે ત્યાં સુધી જીવંત રહેવાની શક્યતામાં સુધારો કરી શકે છે.

### સડન કાર્ડિયાક અરેસ્ટના લક્ષણો :

સડન કાર્ડિયાક અરેસ્ટના ચિહ્નો અને લક્ષણો તાત્કાલિક અને ગંભીર હોય છે અને તેઓમાં નીચે જણાવેલ શામેલ છે :

- અચાનક પડી જવું
- હૃદયના ધબકારા બંધ થઈ જવા
- શરીરની શ્વસન ક્રિયા બંધ થઈ જવી
- બેભાન થઈ જવું

### ડોકટરને ક્યારે મળવું જોઈએ ?

જો તમને નીચે જણાવેલ લક્ષણો વારંવાર થતાં હોય તો તરત જ તમારા ડોકટરની મુલાકાત લો.

- છાતીમાં દુખાવો થવો અથવા બેચેની લાગવી
- હાર્ટ પાલ્પિટેશન્સ (હૃદયના ધબકારા જે અચાનક વધુ નોંધપાત્ર બને છે)
- ઝડપી અથવા અનિયમિત ધબકારા
- અસ્પષ્ટ કારણોસર ગળામાં સસણી બોલવી
- હાંફ ચઢવી / શ્વાસ લેવામાં તકલીફ થવી
- બેભાન થઈ જવું અથવા બેભાન થઈ રહ્યા છો એવું લાગવું પણ બેભાન ન થવું
- માથામાં ખાલી ખાલી લાગવું અથવા ચાકર આવવા

જ્યારે હૃદય ધબકવાનું બંધ થઈ જાય છે, ત્યારે ઓક્સિજનયુક્ત લોહીના અભાવના કારણે મિનિટોમાં મૃત્યુ થઈ શકે છે અથવા મગજને કાયમી નુકસાન પહોંચી શકે છે. જ્યારે તમે કોઈ બેભાન વ્યક્તિ કે જે શ્વાસ ન લઈ રહ્યા હોય તેવા વ્યક્તિની સહાય કરી રહ્યા હો, ત્યારે સમય મહત્વપૂર્ણ છે.

### જો તમે કોઈ એવી વ્યક્તિને જુઓ છો કે જે બેભાન છે અને સામાન્ય રીતે શ્વાસ નથી લઈ રહી, તો નીચે આપેલ પગલાં લો :

- એમ્બ્યુલન્સ માટે કોલ કરો અથવા તમારા વિસ્તારના સ્વાસ્થ્ય સંબંધિત કટોકટીની પરિસ્થિતી માટેના નંબર પર કોલ કરો.
- સીપીઆર આપો. ઝડપથી તે વ્યક્તિની શ્વસન ક્રિયા તપાસો. જો તે વ્યક્તિ સામાન્ય રીતે શ્વાસ નથી લઈ રહ્યો, તો તરતજ તેને સીપીઆર આપવાનું શરૂ કરો. તે વ્યક્તિની છાતી પર સખત રીતે અને ઝડપી દબાણ કરો - એક મિનિટમાં ૧૦૦ થી ૧૨૦ કોમ્પ્રેશન્સ (સંપીડન) ના દરે દબાણ આપો. જો તમને સીપીઆરમાં તાલીમ આપવામાં આવી છે, તો તે વ્યક્તિના વાયુમાર્ગને તપાસો અને દર ૩૦ કોમ્પ્રેશન્સ પછી તેને રેસ્ક્યૂ બ્રેથ્સ (મોંઢેથી શ્વાસ) આપો.
- જો કોઈ ઉપલબ્ધ હોય તો, પોર્ટેબલ ડિફિબ્રિલેટર (એક હલકું, બેટરી દ્વારા સંચાલિત, પોર્ટેબલ ડિવાઇસ કે જે હૃદયની લયને તપાસે છે અને સામાન્ય લયને પુનઃ સ્થાપિત કરવા માટે હૃદયને આંચકો આપે છે) નો ઉપયોગ કરો. તે ડિવાઇસ તમને એક પછી એક એમ દરેક પગલા વિશે બોલીને સૂચનો આપશે. ડિફિબ્રિલેટર ચાર્જ થઈ રહ્યું હોય તે સમય દરમ્યાન છાતીને કમ્પ્રેશન્સ આપવાનું ચાલુ રાખો. જો ઉપકરણ દ્વારા સલાહ આપવામાં આવી હોય તો તે વ્યક્તિની છાતી પર હૃદયની જગ્યા એ એક આંચકો આપો અને પછી છાતીના કોમ્પ્રેશન્સ સાથે પ્રારંભ કરીને તરત જ સીપીઆર ફરી શરૂ કરો.

ડિફિબ્રિલેટરનો ઉપયોગ કરીને, તે વ્યક્તિના હૃદયની લય તપાસો. જો જરૂરી હોય તો, ડિફિબ્રિલેટર હૃદયને એક બીજો આંચકો આપવા માટે સૂચન કરશે.

પોર્ટેબલ ઓટોમેટેડ એકસટર્નલ ડિફિબ્રિલેટર ઘણા સ્થળો પર ઉપલબ્ધ છે, જેમાં એરપોર્ટ્સ, કેસિનો અને શોપિંગ મોલ્સનો સમાવેશ થાય છે. એઈડી તેમના ઉપયોગ માટેની બિલ્ટ-ઇન સૂચનાઓ સાથે આવે છે. તેઓ યોગ્ય હોય ત્યારે જ આંચકો આપવા માટે પ્રોગ્રામ કરેલા હોય છે.

**સૌજન્ય**

**ડૉ. અમિત ચંદન**

MBBS, DNB (CTS)

**કાર્ડિયોવાસ્કયુલર અને થોરાસીક સર્જન**

મો. +91-96990 84097

ઈમેલ : amit.chandan@cimshospital.org

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS NEWS CARE & CURE

Volume-11 | Issue-124 | November 25, 2020

# કોરોના સબંધિત ન્યુરોલોજીકલ સમસ્યાઓ



**અત્યારે આપણે કોરોના નામક રોગચાળાની અભૂતપૂર્વ કટોકટીની વચ્ચે જીવી રહ્યા છીએ. તાવ અને ઉધરસ જેવા કોરોનાના ચેપના સામાન્ય લક્ષણો વિષે આપણે બધા જાણીએ છીએ.**

હું તમને એ લક્ષણો વિષે જાણ કરવા માંગુ છું કે જેઓ મગજ, કરોડરજ્જુ અને પેરિફેરલ નર્વ્સ (એ ચેતાઓ કે જે સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ (સી.એન.એસ.) એટલે કે મગજ અને કરોડરજ્જુને આપણાં શરીરના સંવેદનાત્મક અવયવો, જેમ કે આંખ અને કાન સાથે અને શરીરના અન્ય અવયવો, સ્નાયુઓ, રક્તવાહિનીઓ અને ગ્રંથીઓ સાથે જોડે છે) ના શામેલ હોવાનું સૂચન કરે છે, જેના વિષે સામાન્ય લોકોનેઓછી જાણ છે અને તાજેતરમાં જ તેના પુરાવા વધુ અને વધુ વિકસ્યા છે.

કોરોના વાયરસ મગજ, ગંધ અને સાંભળવાની શક્તિ સાથે સંબંધિત ચેતાઓ, હાથ અને પગની ચેતાઓ, ક્યારેક સ્નાયુઓ અને કરોડરજ્જુ પર આક્રમણ કરી શકે છે અને તેઓને નુકસાન પહોંચાડી શકે છે. તે મગજને ઘણી રીતે અસર કરે છે. કોરોનાનો ચેપ ધરાવતા દર્દીઓ, કે જેઓ ગંભીર છે અને આઇસીયુમાં દાખલ છે, તેઓના વૈજ્ઞાનિક અધ્યયનોમાં એવું જોવા મળ્યું છે કે કોરોનાના ચેપના કારણે ૨૦ - ૪૦ % દર્દીઓમાં મગજની કામગીરી માં ઘટાડો થાય છે (એન્સેફાલોપથી), જે ઘેનની અવસ્થા / કોમા તરીકે જોવા મળે છે.

તેના કારણે લોહી વધારે પડતું જાડું બની જાય છે, જેના કારણે શરીરની એક બાજુએ લકવો (બ્રેઇન સ્ટ્રોક / મગજનો હુમલો) થાય છે, આંચકી આવે છે, અને ૫ - ૧૦ % ગંભીર દર્દીઓમાં અસંગત વર્તન જોવા મળે છે. જો તે પેરિફેરલ નર્વ્સને અસર કરે છે, તો તેના કારણે જી.બી.એસ. જેવી બીમારી થઇ શકે છે, જેમાં દર્દીને પેશાબ પસાર કરવામાં અસમર્થતા, ખોરાકને ગળી શકવાની અસમર્થતા અને લાંબા સમય સુધી વેન્ટિલેટરની જરૂરિયાત સાથે બંને હાથ અને બંને પગનો લકવો થઇ શકે છે. કેટલીકવાર તેના કારણે ચહેરાનો લકવા (બેલ્સ પાલ્સિ) થાય છે.

તાજેતરમાં, બોસ્ટન (યુએસએ) ની બ્રિગહામ હોસ્પિટલ દ્વારા એક અભ્યાસ કરવામાં આવ્યો છે જેમાં મૃત થઇ ગયેલ દર્દીઓના મગજનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તે અભ્યાસ દર્શાવે છે કે કોરોના વાયરસ મગજના મેડ્યુલાના શ્વસન કેન્દ્રો પર સીધો હુમલો કરી શકે છે અને તેના કારણે રેસ્પિરેટરી ફેલ્યોર થઇ શકે છે અને તેથી મૃત્યુદરમાં વધારો થાય છે. એવું જોવા મળ્યું છે કે કોરોનાના ચેપ સામે હાઇપરઇમ્યુન પ્રતિક્રિયા ધરાવતા દર્દીઓમાં ન્યુરોલોજીકલ લાક્ષણિકતાઓ વધુ જોવા મળે છે (સાયટોકાઇન સ્ટોર્મ).

સ્ટ્રોક એટલે કે મગજના હુમલાનું વધુ જોખમ ધરાવતા લોકો (જેમ કે ડાયાબિટીઝ, ઇસ્કેમિક હાર્ટ ડિસીઝ, હાયપરટેન્શન, કોલેસ્ટરોલ, ૬૦ વર્ષથી વધુ ઉંમર વાળી વ્યક્તિઓ)ને ન્યુરોલોજીકલ જટિલતાઓ નું જોખમ વધારે રહે છે. વધુ પડતું હાયપરઇમ્યુન રિએક્શન ધરાવતી વ્યક્તિઓને મગજનું નુકસાન અને જી.બી.એસ થવાનું જોખમ વધારે રહે છે.

કોરોના વાયરસથી લાગેલ ચેપની સારવાર એ જ ન્યુરોલોજીકલ લક્ષણોની પણ મુખ્ય સારવાર છે. તેથી સ્ટેરોઇડ્સ, હેપરિન (લોહીને પાતળું કરવા માટેની દવા), શરીરના વિવિધ અવયવો માટે સહાયક સંભાળ અને કેટલાક કિસ્સાઓમાં રેમડેસિવીર અને ટોસિલીઝુમાબ (સાયટોકાઇન સ્ટોર્મના કિસ્સામાં) આપવામાં આવે છે. કોરોના ચેપને કારણે જીબીએસના કેસોમાં ક્યારેક ગામા ગ્લોબ્યુલિન ઇન્જેક્શન અથવા પ્લાઝ્મા ફેરીસીસની જરૂર પડે છે.

એન્ટી-સીઝર દવાઓ (એન્ટિકન્વલ્ઝનટ દવાઓ) આંચકીઓને આવતા અટકાવે છે. કોરોનાના ચેપના કારણે થયેલ જીબીએસ (ગિલેઇન-બેરી સિન્ડ્રોમ જે એક દુર્લભ ન્યુરોલોજીકલ ડિસઓર્ડર છે જેમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ ભૂલથી તેની પેરિફેરલ નર્વસ સિસ્ટમના કોઈ ભાગ પર હુમલો કરે છે) ના કેસોમાં ક્યારેક ગામા ગ્લોબ્યુલિન ઇન્જેક્શન (તે સામાન્ય રીતે રોગ સામે દર્દીની રોગપ્રતિકારક શક્તિને અસ્થાયીરૂપે વધારવાના પ્રયાસમાં આપવામાં આવે છે) અથવા પ્લાઝ્મા ફેરીસીસ (એક એવી પ્રક્રિયા જેમાં લોહીના પ્રવાહી ભાગને અથવા પ્લાઝ્માને લોહીના કોષોથી અલગ પડવામાં આવે છે) ની જરૂર પડે છે.

કોરોનાના ચેપની ન્યુરોલોજીકલ સમસ્યાઓને ધ્યાનમાં લેવા માટે, તમારા ચહેરા અથવા હાથ, પગના લકવા તરફ, ઝણઝણાટીની સંવેદના તરફ, ગંધ અથવા સાંભળવાની શક્તિ ગુમાવવા તરફ અથવા આંચકા અથવા ઘેન વાળી સ્થિતિના પ્રારંભિક સંકેતો તરફ તમારા ફિઝિશિયન (ચિકિત્સક) નું ધ્યાન દોરો જેથી અમે કાયમી ન્યુરોલોજીકલ નુકસાન અને મૃત્યુ તરફની પ્રગતિને અટકાવી શકાય.

**સૌજન્ય**

**ડૉ. સાગર બેટાઇ**

MD, DM Neurology (SGPGI Lucknow)

**ન્યૂરોલોજી**

મો. +91-99044 03142

ઈમેલ: sagar.betai@cimshospital.org

Volume-11 | Issue-124 | November 25, 2020

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# સાચો પ્રશ્ન કેવી રીતે પૂછવો ?

**સારો પ્રશ્ન / સારા પ્રશ્નોની રચના**
**નીચે આપેલ રીત પ્રમાણે કરવામાં આવેલ હોવી જોઈએ :**

**તમારા હેતુ વિશે જાણો.**

- વિચલિત ન થાઓ
- તમારા ડોક્ટર પાસેથી તથ્યો અને તેમનો અભિપ્રાય મેળવવા માટે પ્રશ્નો પૂછો
- તમારી બીમારી વિશે વધુ જાણવા માટેનો પ્રયત્ન કરો અને તેની સાથે સંબંધિત પ્રશ્ન પૂછો

**સાંભળવા સાથે પ્રારંભ કરો.**

- એક સારા શ્રોતા બનો
- એવા પ્રશ્નો પૂછો જેનો જવાબ આપવામાં બીજી વ્યક્તિને આનંદ થશે.

**સમજદારીપૂર્વક વિક્ષેપિત કરો.**

- ખોટો પ્રશ્ન પૂછવા વિશે ચિંતા ન કરો.
- ઘણા બધા પ્રશ્નો પૂછવા કરતા એક સંબંધ બાંધવા માટે પૂરતું ન પૂછવું એ વધુ નુકસાનકારક હોય છે.

તેવું કહેવાની સાથે, આ સવાલોને યોગ્ય સ્વરમાં અને આદર સાથે પૂછવાની જરૂર રહે છે.

**યોગ્ય શબ્દોનો ઉપયોગ કરો.**

- સીમિત મર્યાદા બાંધેલ પ્રશ્નો ન પૂછો
- આશ્ચર્યચકિત થવા માટે તૈયાર રહો
- સામે વાળી વ્યક્તિ ઇચ્છિત જવાબ આપવા માટે પ્રેરિત થાય તેવા પ્રશ્નો પૂછવાનું ટાળો અને તેના બદલે સવાલ પૂછવા માટે એક તટસ્થ સ્વરનો ઉપયોગ કરો.
- સીમિત મર્યાદા બાંધેલ પ્રશ્નો ન પૂછો અને આશ્ચર્યચકિત થવા માટે તૈયાર રહો
- તમારા અભિપ્રાય તરફ અથવા તમારા ગમતા જવાબ વિશે તેઓને ઈશારો કરવાનું ટાળો

**પ્રશ્નોનો એક અધિક્રમ બનાવો.**

- ચોક્કસ પ્રશ્નો પૂછવાની સાથોસાથ સામાન્ય પ્રશ્નો પૂછવાનું અનુસરો
- એક સમયે એક પ્રશ્ન પર ધ્યાન કેન્દ્રિત કરો
- આગળનો પ્રશ્ન પૂછવા માટે અગાઉના પ્રશ્નના જવાબનો ઉપયોગ કરો
- આ વાતચીતને વધુ કુદરતી રીતે વહેવામાં મદદ કરશે

**આમ, આ આખી બાબતનો સારાંશ નીચે પ્રમાણે છે :**

- પ્રશ્નો પૂછવામાં ક્યારેય અચકાશો નહીં
- પ્રશ્નો પૂછતાં પહેલા તમારી વિચાર પ્રક્રિયાને સરખી રીતે સમજો અને ગોઠવો
- મહત્તમ માહિતી મેળવવા માટે તમારા પ્રશ્નોની રચના યોગ્ય રીતે કરો
- તમારી પૂર્વધારણાઓની અસર તમારી માહિતી એકત્રિત કરવાની પ્રક્રિયા પર ન થવા દો
- ડોક્ટરને તેઓના અનુભવ અને સમય માટે આદર આપો
- બીમારી વિશે તમે જેટલું વધુ જાણો છો, તમારા નિર્ણયો તેટલા જ વધુ સારા હશે.

**સૌજન્ય**
**ડૉ. પાર્થ ગોયલ**
MD (Psychiatry)
**મનોચિકિત્સા (સાયક્રિયાટ્રીક)**
મો. +91-98797 25516
ઈમેલ : parth.goyal@cimshospital.org



CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2020-2022 valid upto 31st December, 2022
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. PMG/HQ/107/2020-2022 valid upto 31st December, 2022

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-72
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 1059 / 4805 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

# સીમ્સ હોસ્પિટલ

**WORLD'S BEST HOSPITALS**

2020

Newsweek

POWERED BY statista

**CARE INSTITUTE OF MEDICAL SCIENCE**

## અમેરિકા ન્યૂઝવીક મેગેઝીન (૨૦૨૦)માં
## ભારત અને વિશ્વની શ્રેષ્ઠ હોસ્પિટલોમાંની એક તરીકે સ્થાન

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-72 Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.